# બજારમાં ફળોના ભાવમાં તોતિંગ વધારો

**સફરજન ૩૦૦ રૂ. કિલો, રાસબરી ૨૦૦ રૂ. કિલો, કેળા ૬૦ રૂ. ડઝન એમ વિવિધ ફળો મોંઘા થયા**

ગાંધીનગર,તા.૧૮

શહેરમાં લીલા શાકભાજીના ભાવમાં તોતિંગ વધારો થયા બાદ હવે અધિક માસ અને વ્રતના પ્રારંભ થતાં જ ફળોના ભાવમાં પણ વધારો થયો છે. સફરજન, ચેરી, રાસબરી, કેળા, જમરૂખ, ઓરેન્જ ચીકુ સહિત તમામ ફળોના ભાવમાં વધારો થયો છે.

ટામેટા અને લીલા શાકભાજી બાદ હવે ફળોના ભાવમાં પણ ઉછાળો આવ્યો છે. એકતરફ વરસાદી સિઝન, અધિક માસ નો આરંભ અને વ્રતના દિવસો હોવાથી હાલ ફળોના ભાવ એકાએક ઉંચકાયા છે.

સામાન્ય માનવી માટે ઉપવાસ કરવા પણ મુશ્કેલ બન્યા છે. અધિક શ્રાવણ મહિનાની શરૂઆત થઈ છે. તેમજ દશામાના વ્રતની પણ શરૂઆત થઈ ગઈ છે. આ દિવસો દરમિયાન લોકો વ્રત, ઉપવાસ રાખતા હોય છે. જે ઉપવાસ અને વ્રત દરમિયાન સૌથી વધારે લોકો ફળોને આરોગતા હોય છે. પરંતુ દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રાવણ મહિના દરમિયાન લોકો ક્યાંક ઓછા ફળો આરોગે તો નવાઈ નહીં. કારણ કે શ્રાવણ મહિનો અને દશામાંનું વ્રત આવતા જ ફળોના ભાવમાં તોતિંગ વધારો નોંધાયો છે. માત્ર શ્રાવણ મહિનો અને દશામાંના વ્રતના કારણે નહીં પરંતુ વરસાદના કારણે પણ ફળોના ભાવમાં વધારો નોંધાયાનું વેપારી કહી રહ્યા છે.



ફળના વેપારીઓના કહેવા મુજબ એક સપ્તાહ પહેલાના જે ભાવો હતા અને હાલના ભાવો પર એક નજર કરીએ તો સફરજન એક સપ્તાહ પહેલા ૨૦૦ થી ૨૫૦ રૂ. કિલો જે હાલ ૩૦૦ રૂ.ના કિલોના ભાવ છે. જ્યારે કેરી એક સપ્તાહ પહેલા ૩૦૦ થી ૪૦૦ રૂ.ની પેટી મળતી જે હાલ ૬૦૦ રૂ. ની પેટીનો ભાવ છે. સિઝનેબલ ચેરી એક સપ્તાહ પહેલા ૨૦૦ થી ૨૫૦ રૂ.ની પેટી મળતી જે હાલ ૪૦૦ રૂ.ની પેટી તેમજ રાસબરી એક સપ્તાહ પહેલા ૧૦૦ રૂ. કિલો મળતી જે હાલ ૨૦૦ રૂ. કિલો અને કેળા એક સપ્તાહ પહેલા ૪૦ રૂ.ના ડઝન હતા જે હાલ ૬૦ રૂ ના ડઝન થયા છે. આ ઉપરાંત જમરૂખ હાલ ૨૦૦ રૂ. ના કિલો હોવા જોઈએ જે હાલ ૩૦૦ રૂ. ના કિલો તેમજ ઓરેન્જ એક સપ્તાહ પહેલા ૧૦૦ રૂ.ના કિલો હતા જે હાલ ૧૪૦ રૂ. ના કિલો તથા ચીકુ એક સપ્તાહ પહેલા ૮૦ રૂ.ના કિલો હતા જે હાલ ૧૫૦ રૂ.ના કિલોના ભાવે વેચાઈ રહ્યા છે.

વેપારીઓના કહેવા મુજબ સફરજન અને ચેરીના ભાવમાં વધારો નોંધાયો છે. તે સિવાય અન્ય ફળોના ભાવમાં પણ વધારો જોવા મળ્યો છે. વેપારીના મતે શ્રાવણ મહિનો અને દશામાનું વ્રત આવતા સામાન્ય ભાવ ઉછાળો જોવા મળતો હોય છે. પરંતુ આ વખતે આ મહિનાઓ સાથે જે જગ્યા ઉપરથી સૌથી વધારે ફળો આવતા હોય છે એવા હિમાચલમાં વરસાદ અને પુર આવવાના કારણે ફળોના પાકને નુકસાન થયું છે. રસ્તાઓનું ધોવાણ થતા ફળોના આવવાની પણ સમસ્યા સર્જાઈ રહી છે. જે બે બાબતને લઈને શ્રાવણ મહિનો અને દશામાંના વ્રતમાં ફળોની ડિમાન્ડ સામે સપ્લાય ઓછો થતા ભાવ વધારો નોંધાયો છે. હજુ તો શ્રાવણ મહિનાની શરૂઆત જ છે અને તે પહેલાં ફળોના ભાવમાં વધારો નોંધાયો છે. અને હજુ પણ શ્રાવણ મહિના દરમિયાન કેટલાક ફળોના ભાવમાં વધારો નોંધાવાની શક્યતા છે.



કોલવડાની ટીપી નં. ૧૪ રોડ ઉપર રોડનુ કામ ચાલુ હોવાથી પાણીની પાઈપલાઈન તુટી ગઈ છે. છેલ્લા એક મહિનાથી આ તુટેલી પાઈપલાઈનનુ રીપેરીંગ કામ ન થતાં મહામુલુ પાણી ગટરમાં વહી જાય છે. વળી સતત પાણી વહેતુ રહેતુ હોવાથી અહીં ખુબ કાદવ કિચડ થયો છે. જેના કારણે અહીં આવનજાવનમાં તકલીફ પડે છે. પાણીની પાઈપલાઈનનુ રીપેરીંગ તાત્કાલિક કરવા અને રોડનું કામ ઝડપથી પૂર્ણ કરવા ગ્રામજનોએ માંગણી કરી છે.

# કોબા નજીક અકસ્માતમાં ભોગ બનનાર બાપ-દીકરીના પરિવારને ૮ લાખની સહાય

**કોબા નજીક અકસ્માતનો ભોગ બનનારા સ્વ. ભાસ્કરભાઇ પારેખ અને તેમની પુત્રી ઝરણા પ્રત્યે સરકારે સંવેદના વ્યક્ત કરીઃ મુખ્યમંત્રીશ્રીના ફંડમાંથી પરિવારજનોને રૂ. આઠ લાખની સહાયના ચેક અર્પણ કરાયા**



ગાંધીનગર,તા.૧૮

ગાંધીનગરના કોબા નજીક આવેલા કમલમ પાસે ૧૯ જૂન, ૨૦૨૩ની વહેલી સવારે બાળકોને શાળાએ મુકવા જતા ભાસ્કરભાઈ પારેખ તેમની પુત્રી ઝરણા અને પુત્ર જિયાનને ગમખ્વાર અકસ્માત નડ્યો હતો. અકસ્માત એટલો ભયંકર હતો કે પિતા અને પુત્રીનું મૃત્યુ થયું હતું. તેમના પરિવારજનો ઉપર આવી પડેલા આ અસહ્ય આઘાત પ્રત્યે રાજ્ય સરકાર દ્વારા સંવેદના વ્યક્ત કરવામાં આવી અને તેના ભાગરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના રાહત ફંડમાંથી રૂપિયા ચાર-ચાર લાખના બે ચેક જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ધારાસભ્યો અલ્પેશ ઠાકોર અને જે. સી. પટેલની ઉપસ્થિતિમાં મામલતદાર હરેશ પટેલે પરિવારજનોને અર્પણ કરાયા હતા. આ પ્રસંગે મૃતક સ્વ. ભાસ્કરભાઈ પારેખના પિતાજીએ જણાવ્યુ હતુ કે, પરિવારજનો ઉપર આવી પડેલા આ અસહ્ય આઘાતના કપરા સમયમાં રાજ્ય સરકારે સંવેદના દાખવી આર્થિક સહાય દ્વારા સાંત્વના પાઠવી તેના માટે અમે આભારી છીએ. સરકારની સંવેદના અને તંત્રની મદદથી આ કપરા સમયને તેઓ પાર કરી શક્યા છે તેમ જણાવી તેમણે રાજ્ય સરકાર અને મુખ્યમંત્રીનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

# દેશમાં નિકાસક્ષેત્રે ગુજરાતે પ્રથમ ક્રમ હાંસલ કર્યો

**ભારતના ટોચના દસ જિલ્લાઓમાં ગુજરાતના ૪ જિલ્લાઓ : EPI 2022**

ગાંધીનગર, તા. ૧૮

એક્સપોર્ટ પ્રિપેર્ડનેસ ઈન્ડેક્સ (EPI) એ ચાર મુખ્ય આધારસ્તંભો થકી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની નિકાસ સજ્જતાનું મૂલ્યાંકન કરવા માટે એક વ્યાપક આકારણી માળખું છે, જેમાં પોલિસી, બિઝનેસ ઈકોસિસ્ટમ, એક્સપોર્ટ ઈકોસિસ્ટમ અને એક્સપોર્ટ પર્ફોમન્સને આવરી લેવામાં આવી છે. EPI 2022 રેન્કિંગ માટેની આકારણી, નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના સમયગાળા માટે હાથ ધરવામાં આવી અને ૧૭ જુલાઈ ૨૦૨૩ના રોજ નીતિ આયોગ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી.

એક્સપોર્ટ પર્ફોમન્સ આધારસ્તંભમાં ગુજરાત પ્રથમ અને પોલિસી સ્તંભમાં બીજા ક્રમે રહ્યું છે. ૧૨૬ અબજ ડોલરથી વધુની નિકાસ સાથે ગુજરાત નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં મર્ચન્ડાઈઝ એક્સપોર્ટમાં અગ્રણી હતું, જે ભારતના કુલ મર્ચન્ડાઈઝ નિકાસમાં ૩૦ ટકા હિસ્સો ધરાવે છે. વૃદ્ધિની દૃષ્ટિએ ગુજરાતે અગાઉના વર્ષ (નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧)માં ૬૩ અબજ ડોલરની મર્ચન્ડાઈઝ એક્સપોર્ટ તુલનામાં તેના નિકાસ મૂલ્યને બમણું કર્યુ હતુ. તમામ પરિમાણોના વેઈટેજ સાથે ગુજરાતે ૭૩.૨૨નો સ્કોર હાંસલ કર્યો હતો અને ચોથા ક્રમે રહ્યુ હતુ.

ગુજરાતમાંથી થતી ચીજવસ્તુઓની નિકાસ તેના રાજ્યના સફળ ઘરેલુ ઉત્પાદનમાં (જીએસડીપી)માં ૩૫ ટકા ફાળો આપે છે, જે તમામ રાજ્યોમાં સૌથી વધુ છે. વળી નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ૪,૨૩૪ નવા નિકાસકારો સાથે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની તુલનામાં નિકાસકારોની સંખ્યામાં સૌથી વધુ વધારો જોવા મળ્યો છે.

EPI 2022 ના રિપોર્ટ મુજબ નિકાસની દૃષ્ટિએ ભારતના ટોપ ટેન જિલ્લામાં ગુજરાતના ૪ જિલ્લા અને ટોપ ૨૫ જિલ્લામાં ૮ જિલ્લા છે, જે દેશના તમામ રાજ્યોમાં સૌથી વધુ છે. જામનગર, સુરત, ભરૂચ અને અમદાવાદ સહિત ગુજરાતના ટોચના ૪ જિલ્લાઓ, ભારતમાંથી થતી કુલ ચીજવસ્તુઓની નિકાસમાં પાંચમા ભાગનું યોગદાન આપે છે. EPI 2022 ના અહેવાલ મુજબ, કુલ ચીજવસ્તુઓની નિકાસમાં જામનગરનો હિસ્સો સૌથી વધુ ૧૨.૧૮ ટકા છે, જે ૨૦૨૧-૨૨માં આશરે ૫૦ અબજ ડોલર હતો, જે આંધ્રપ્રદેશ, ઓડિશા અને હરિયાણાના યોગદાન બરાબર છે.




પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્ય અભયદેવ સૂરીશ્વર મહારાજ તથા પ.પૂ. આચાર્ય ભગવંત મોક્ષરત્ન સૂરીશ્વર મહારાજ આદીઠાણા ની નિશ્રામાં મહામાંગલિક પ્રસંગે ગુજરાત રાજ્યના પૂર્વ ગૃહ મંત્રી પ્રદિપસિંહ જાડેજા, ગાંધીનગર ના ધારા સભ્ય રીટાબેન પટેલ, ગાંધીનગર કોર્પોરેશનના મેયર હિતેશભાઈ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, કોર્પોરેટર પદમસિંહ ચૌહાણ, કિંજલભાઈ પટેલ, ભાજપ ના અગ્રણી કેતનભાઈ પટેલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા અને પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ લઈ તેઓના મુખારવિંદથી મહા માંગલિક શ્રાવણ નો લાભ લીધો હતો. આ પ્રસંગે ૯ દિક્ષાર્થીઓને દિક્ષાના મંગલ મુહૂર્ત પ્રદાન થયા તથા પૂ. ગુરુદેવના ૭૫મા વર્ષના અભય અમૃત કળશ ની સ્થાપના નો લાભ ગાંધીનગર (દક્ષિણ)ના ધારાસભ્ય રીટાબેન પટેલ એ લીધો હતો.



NSUI દ્વારા સેન્ટ ઝેવિયર્સ કોલેજ અમદાવાદ ખાતે આજે કરેલ દેખાવો તે પ્રસંગે મોટી સંખ્યામાં NSUI ના કાર્યકરો હાજર રહ્યા હતા

# વર્તમાન સમયમાં પ્રાકૃતિક કૃષિ એ સમયની જરૂરિયાત છે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

**નવજાગરણના આ કામ વિશે રાજ્યના ખેડૂતો તેમજ સામાન્ય નાગરિકોમાં જાગૃતિ પ્રસારિત કરવા વિવિધ માધ્યમોના પ્રતિનિધિઓને અપીલ કરતાં રાજ્યપાલ**

ગાંધીનગર,તા.૧૮

રાજભવન, ગાંધીનગર ખાતે પ્રાકૃતિક કૃષિ વિષય પર પરિસંવાદમાં ઉપસ્થિત વિવિધ સમાચાર માધ્યમોના તંત્રીઓ-પ્રતિનિધિઓને સંબોધિત કરતાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે વર્તમાન સમયમાં પ્રાકૃતિક કૃષિ સાથે જોડાવું એ સમયની જરૂરિયાત છે. વધતાં જતાં ગ્લોબલ વોર્મિંગની નકારાત્મક અસરો, ઘટી રહેલાં કૃષિ ઉત્પાદન તેમજ સ્વાસ્થ્યપ્રદ જીવન માટે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર અસરકારક ઉપાય છે. રાજ્યપાલશ્રીએ દેશમાં થયેલી હરિયાળી ક્રાંતિની વાતથી શરૂઆત કરતાં જણાવ્યું કે લગભગ ૬૦ના દાયકામાં થયેલા અભ્યાસ અનુસાર ભારતની જમીનમાં બેથી અઢી ટકા કાર્બન હતો, પરંતુ એ સમયની જરૂરિયાત અનુસાર યૂરિયા સહિતના રાસાયણિક ખાતરોનો ઉપયોગ વધવાના કારણે આજે આ પ્રમાણ ૦.૫થી પણ ઓછું થઈ ગયું છે. જેના કારણે જમીનની ફળદ્રુપતા ઘટી ગઈ છે. એટલું જ નહીં, જમીન, હવા અને પાણી પ્રદૂષિત થયાં છે તેમજ વિવિધ રોગોનું પ્રમાણ પણ વધ્યું છે. આ પ્રકારની વિવિધ સમસ્યાના ઉપાય માટે પ્રાકૃતિક કૃષિ પર ભાર આપતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે રાસાયણિક ખેતીના ઉપાયરૂપે જૈવિક ખેતીનો વિકલ્પ આપવામાં




આવ્યો, પરંતુ તેનાથી મહેનત અને ખર્ચ તો નથી ઘટતો, પણ ઊલટા ઉપજ એકાએક ઘટી જાય છે. એટલું જ નહી અંતે તો તે પણ વાતાવરણને નુકસાન જ કરે છે. તેમણે ઉમેર્યું કે, જે રીતે જંગલનાં વૃક્ષોને કુદરતી રીતે જ પોષણ મળે છે, ત્યાં કોઈ પ્રકારના ખાતર વિના જ આપોઆપ ફળ આવી જાય છે. પ્રાકૃતિક ખેતીમાં પણ જીવામૃત અને ઘન જીવામૃત આધારિત કુદરતી પદ્ધતિઓ દ્વારા ખેતી પોષણક્ષમ તો બને જ છે, જ્યારે ખેડૂતોનો ખર્ચ પણ શૂન્ય થઈ જાય છે. રાજ્યપાલશ્રીએ યુનેસ્કોના રિપોર્ટનો હવાલો આપતાં જણાવ્યું કે જો રાસાયણિક ખાતરોનો ઉપયોગ આજે ઘટાડવામાં નહીં આવે, તો આગામી ૪૦-૫૦ વર્ષમાં ગ્લોબલ વોર્મિંગની સમસ્યાના કારણે જમીન સદંતર બિનઉપજાઉ બની જશે. તદુપરાંત, વિદેશથી મંગાવવામાં આવતા યૂરિયા અને અન્ય રાસાયણિક ખાતરોમાં દેશનું હૂંડિયામણ પણ ખર્ચ થાય છે. જ્યારે પ્રાકૃતિક કૃષિ થકી જમીનનાં પોષક તત્ત્વો પણ જમીનમાં જ જળવાઈ રહે છે તેમજ વરસાદી પાણી પણ જમીનમાં ઉતરવાના કારણે જમીનનું જળસ્તર પણ ઊંચું આવશે. આ કાર્યક્રમમાં રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી રાજેશ માંજુ, મુખ્યમંત્રીશ્રીના સચિવ સુશ્રી અવંતિકા સિંઘ, માહિતી નિયામક શ્રી ધીરજ પારેખ, આત્મા પ્રોજેક્ટના ખાસ ફરજ પરના અધિકારી શ્રી દિનેશ પટેલ તેમજ વિવિધ પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક તથા રેડિયો અને સરકારી માધ્યમોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે વિવિધ જિલ્લાઓમાંથી પણ બહોળી સંખ્યામાં પત્રકારો વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી જોડાયા હતા.




શંખેશ્વર પાર્શ્વનાથ દાદાના જિનાલય સંકુલ, સેક્ટર ૨૨ ના પ્રાગંણમાં નવ દીક્ષાના મંગલમુહૂર્ત પ્રદાન તથા મહાપ્રભાવિક ઋદ્ધિ સિદ્ધિ સમૃદ્ધિદાયક બેસતા મહિના મહામાંગલિકનો પ્રારંભ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે મેયરશ્રી એ સંયમના પંથે પ્રસ્થાન કરી રહેલા દિક્ષાર્થીઓને વંદન કર્યા તેમજ મહામાંગલિક પ્રદાતા પ.પૂ. ગચ્છાધિપતિ આ. ભ. વિજય અભયદેવસુરીશ્વર મહારાજ સાહેબના આશીર્વચન પ્રાપ્ત કર્યા હતા. આ દરમિયાન શહેર ભાજપ અધ્યક્ષ રુચિરભાઈ ભટ્ટ, કાઉન્સિલર, સામાજિક - રાજકીય અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા.

# સબ સ્ટાન્ડર્ડ જાહેર થયેલાં નમૂનાના કિસ્સામાં પેઢીઓને ફૂડ સેફટી અને સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ દંડ ફટકાર્યો

ગાંધીનગર,તા.૧૮

ગાંધીનગર જિલ્લાના એડજ્યુડીકેટીંગ ઓફીસર અને નિવાસી અધિક કલેક્ટર, ગાંધીનગરની કોર્ટ દ્વારા ફૂડ સેફટી અને સ્ટાન્ડર્ડ એક્ટ, ૨૦૦૬ અન્વયે ચાલતા કેસો પૈકી સબ સ્ટાન્ડર્ડ અથવા મિસ બ્રાન્ડેડ જાહેર થયેલાં નમૂનાના કુલ-૮ કેસોમાં પ્રોડક્ટ માલિકોને દંડ ફટકારવામાં આવ્યો છે. આ કાર્યવાહી અંતર્ગત આબાદ દેશી ઘી, ગણેશા ફુડ પ્રોડક્ટ્સનો "ચોકલેટ ટુટીફુટી પાત્રા'', ભૂમિ ગાયનું ઘી, સાંઈ પ્રોડક્ટ્સ, આસ્થા સુપર માર્કેટનો ઓર્ગેનિક ગોળ, ફ્રોઝન સીટીનું પીણું, સત્વમ રોક સોલ્ટ પાવડર અને ક્રિષ્ણા સિગ્નેચર સ્વીટ સહિતની કેટલીક પ્રોડક્ટ સબસ્ટાન્ડર્ડ કે મિસબ્રાન્ડેડ જણાઈ હતી. આ અંગે પ્રોડક્ટ માલિકોને થનાર સંભવિત નફો અને ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઈ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ ધારાની કલમ ૫૧ અને ૫૨ હેઠળ દરેક કેસમાં પ્રોડક્ટ માલિકોને થનાર સંભવિત નફો અને ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઈ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ ધારાની કલમ ૫૧ અને ૫૨ હેઠળ દરેક કેસમાં અલગ અલગ દંડ ફટકારવામાં આવ્યો છે. તદઅનુસાર પ્રોડક્ટ આબાદ દેશી ઘીના નમૂના સબસ્ટાન્ડર્ડ જાહેર થતાં આ કેસમાં ૪,૯૦,૦૦૦ (ચાર લાખ નેવુ હજાર), ગણેશા ફુડ પ્રોડક્ટ્સનો "ચોકલેટ ટુટીફુટી પાત્રા''ના નમૂના સબસ્ટાન્ડર્ડ જાહેર થતાં રૂ. ૨,૨૫,૦૦૦ (બે લાખ પચીસ હજાર) અને 'ભૂમિ ગાયનું ઘી'ના કેસમાં ૨,૦૦,૦૦૦ (અંકે રૂપિયા બે લાખ) દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત મિસબ્રાન્ડેડ પ્રોડક્ટને કલમ ૫૨ હેઠળ દંડ ફટકારવામાં આવ્યો છે જેમાં સાંઈ પ્રોડક્ટ્સના કેસમાં રૂ. ૧,૨૫,૦૦૦ (એક લાખ પચીસ હજાર), આસ્થા સુપર માર્કેટનો ઓર્ગેનિક ગોળના કેસમાં ૧,૯૦,૦૦૦ (એક લાખ નેવું હજાર) અને સત્વમ રોક સોલ્ટ પાવડરના કેસમાં ૨૩૫૦૦૦ (બે લાખ પાંત્રીસ હજાર)નો દંડ ફટકારવામાં આવ્યો છે. આ સિવાય ફ્રોઝન સીટીના પીણાંના નમૂના સબ સ્ટાન્ડર્ડ અને મીસબ્રાન્ડેડ જણાતા આ કેસમાં કલમ ૫૧ અને ૫૨ હેઠળ ૩૦૦,૦૦૦ (રૂપિયા ત્રણ લાખ) તેમજ ક્રિષ્ણા સિગ્નેચર સ્વીટના ડેરી બેઈઝ્ડ ડેઝર્ટના નમૂના મિસબ્રાન્ડેડ જાહેર થતા આ કેસમાં ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ ધારાની કલમ ૫૦ અને ૫૨ હેઠળ ૧૨૫૦૦૦ (એક લાખ પચીસ હજાર)નો દંડ કરવામાં આવ્યો હોવાનું યાદીમાં જણાવાયું હતું.